# અંતરશુદ્ધિનાં સોપાન
## *શ્રીગુરુમાઈ દ્વારા લિખિત પુસ્તકમાંથી એક ઉદ્ધરણ*

દરેક જીવ સ્વભાવથી સ્વાર્થી છે. દરેક મનુષ્ય પણ અમુક અંશે સ્વાર્થી છે. તમે એમ પણ કહી શકો કે સ્વાર્થીપણું માનવજાતિનો સ્વભાવ જ છે. આમ, આ આધુનિક દુનિયાએ મનુષ્યના સમય અને શક્તિને બધા અવરોધો, દરેક વસ્તુ અને દરેક વ્યક્તિથી મુક્ત કરીને, શું એને એની કરુણાના સહજ સામર્થ્યથી પણ દૂર નથી કરી દીધો? કરુણા, એકદમ સાદો સદ્‌ગુણ છે છતાં તેનો પ્રભાવ ઘણો દૂરગામી છે.

જ્યારે તમે જાણતા નથી કે કરુણાનો અનુભવ ખરેખર કેવો હોય છે, તો કદાચ તમને નહીં સમજાય કે તમારે તેની ઇચ્છા શા માટે કરવી જોઈએ. કરુણા એક દિવ્ય મનોવેગ છે, તે જ્યારે તમે કોઈને અજ્ઞાન કે દુઃખથી પીડાતા જુઓ છો, ત્યારે તમારી અંદર જાગ્રત થાય છે. અને મારો કહેવાનો અર્થ ફક્ત એવી વ્યક્તિ માટે નથી જે શારીરિક રીતે બીમાર હોય. એક મહાત્માની કરુણા વિષે વિચાર કરો. બાબા મુક્તાનંદની કરુણા એટલી વિશાળ અને શક્તિશાળી હતી કે જ્યારે તમે તેમના સાન્નિધ્યમાં આવતા, ત્યારે તમે તમારાં પોતાનાં હૃદયમાં પ્રવેશ કરી લેતા.

આવી કરુણા એટલી ભાવનાત્મક હોય છે કે એવું કહેવાય છે કે તેના અનુભવથી પથ્થર પણ પ્રેમથી રડવા લાગે છે. તે માત્ર એક લાગણી નથી કે જે સમય સમય પર ઊઠે છે અને શમી જાય છે. જ્યારે તમે લક્ષ્ય સુધી પહોંચો છો, જેમ બાબાજી પહોંચ્યા હતા, ત્યારે તમે કરુણાના મૂર્તરૂપ બની જાઓ છો. તેથી તમે ગમે ત્યાં જાઓ બધાંને ખબર છે કે તેઓને મદદ મળશે. તેઓ જ્યારે તમારી ઉપસ્થિતિનો અનુભવ કરે છે, ત્યારે તેઓ પણ નિશ્ચિંતતા, ઘણી સલામતી અનુભવે છે. એવું નથી કે તમે એકાદ બે મોટા કામ કરવાના છો. ફક્ત તમારી ઉપસ્થિતિ જ પૂરતી છે, કારણકે તમારી પાસે હૃદયની કોમળતા, પ્રેમાળ હૃદય છે.

આ પરમ કરુણા દરેકમાં રહેલી છે. તેથી, બધાં જ મહાપુરષો કહે છે : તમારાં હૃદયના સામ્રાજ્યમાં આવો. તમારાં પોતાનાં હૃદયના પ્રકાશમાં સ્નાન કરો. તમારાં પોતાનાં હૃદયના સ્રોતમાંથી કરુણાના અમૃતનું પાન કરો. કોઈ બીજી જગ્યાએ કે બીજા કોઈ પાસેથી કરુણાને ન શોધો. તે તમારી અંદર છે. તમે આ મહાન સદ્‌ગુણના સ્વામી છો.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *અંતરશુદ્ધિનાં સોપાન : દિવ્ય સદ્‌ગુણોનો યોગ*, અધ્યાય ૭, ‘કરુણા’માંથી (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩), પૃષ્ઠ ૯૭-૯૮.